# સમકાલીન ભારતીય કવિતા : આપણી વાત આપણી રીતે

સિતાંશુ યશશ્ચન્દ્ર

## લેખાંક-૨૧

## કવિ ગુલઝારની કવિતા : ખીણની ધારે ખડક પર ખડું મજબૂત અને મનોહર ઘર

*

ગયા અંકમાં ગુલઝારજીનું આ કાવ્ય વાચ્યુંઃ

**ઇક સુબહ ઇક મોડ પર**
**મૈંને કહા ઉસે રોક કર**
**હાથ બઢા એ જિંદગી**
**આંખ મિલા કે બાત કર.**

**રોજ તેરે જીને કે લિયે**
**એક સુબહ મુઝે મિલ જાતી હૈ**
**મુરઝાતી હૈ કોઈ શામ અગર,**

**તો રાત કોઈ ખિલ જાતી હૈ**
**મૈં રોજ સુબહ તક આતા હૂં**
**ઔર રોજ શુરૂ કરતા હૂં સફર**

**હાથ બઢા એ જિંદગી**
**ઔર આંખ મિલા કે બાત કર.**

-- બીજી બધી વાત જવા દો, આ કવિતાની સુરાવટ તો સાંભળો, એની ટોનાલિટી! ના, કોઈ જાણીતા પ્લેબૅક સિંગર એને વીડિયોમાં જ્યારે ગાય ત્યારે કોઈ મોંઘાદાટ મ્યુઝિક ડિરેક્ટરે કરાવેલાં લટકાંમટકાંની રંગતની આ વાત નથી. એ દુર્ઘટના બને એ પહેલાં સંભળાય એવી ગુલઝારની પોતાની કવિબાનીની છેક અંગત સુરાવટ સાંભળી? ‘ઇક સુબહ ઇક મોડ પર/ મૈંને કહા ઉસે રોક કર.’ આત્મીયતાનો આ સ્વરવિન્યાસ, ‘કરીબી’નો આ ‘થાટ’, એ કોઈ વીડિયોવાળી વાત નથી. માત્ર એક જણ અને માત્ર એક એનો કરીબી દોસ્ત, એ બે વચ્ચે એક અંતરંગ વાત થાય, સાવ ધીમા અવાજે, એની આ વાત છે. એક એકદમ અંગત (અને ઓઝપાતા જતા) સમ્બન્ધ વિશેની વાત છે. કોની સાથેનો સંબંધ આમ ઓઝપાયો છે? ગુલઝાર સા’બના અંગત જીવવના પાકા જાણકાર

(લાખો) સીને-રસિયાઓ તો ‘ઓછપાતા જતા અંગત સમ્બન્ધ’ એ શબ્દો સાંભળતાંવેંત નામો બોલી બતાડવા અધીરા થઈ ઊઠવાના!

*

પણ જરા ધીરા! કવિએ પોતે મુખડાના પહેલા જ ચાર શબ્દોમાં બબ્બે વાર જે એક શબ્દ દ્વિરુક્ત કર્યો છે, એ તો સાંભળોઃ ‘ઇક સુબહ ઇક મોડ પર.’ ‘ઇક’. કોઈ એક સવારે, રસ્તાના કોઈ એક વળાંક પર. વાસ્તવે વાત કદાચ યુવક કાલિદાસ અને મલ્લિકાની હશે, ‘આષાઢ કા એક દિન’-માં મોહન રાકેશે આલેખ્યું છે તેમ. પણ ‘મેઘદૂત’નો આરંભ ‘કશ્ચિત્’ શબ્દથી થાય છે. ‘કશ્ચિત્ યક્ષઃ’, એ વાક્યથી. ‘કોઈ એક’ યક્ષની, કોઈ પણ એક માણસની છેક અંતરંગ વાત કરવાનું સામર્થ્ય એકાંતને ઓળખતા, એક વાચક સાથે આછેરે અવાજે અંગત વાત કરવાનું પસંદ કરતા કવિમાં જ હોય, ન કે સમૂહમાધ્યમોના સ્વામીઓમાં. ‘પોપ લિટ’ને (જેને ચંદ્રકાંત ટોપીવાળા ‘પણ્ય કવિતા’ કહે છે, એને) સર્જનાત્મક સાહિત્યથી અલગ તારવવાની આવડત ગુમાવી બેસનાર પ્રજા અંતે મેડકભર્યા ખાબોચિયાને રાજહંસભર્યા માનસરોવર માની બેસવાની આત્મવિઘાતક ભૂલ કરી બેસે છે. ‘મેઘદૂત’-નો પહેલો શબ્દ ‘કશ્ચિત્’, આજે સાંભળવા પસંદ કરેલી કૃતિનો પહેલો શબ્દ ‘ઇક’, (નરસિંહ મહેતાની અમર કૃતિનો પહેલો શબ્દ ‘જળકમળ’), ઉત્તમ કવિતાના પહેલા શબ્દને પૂરતો સમય આપીને વાંચવો, સાંભળવો જોઈએ. પોતાની પૂર્ણ ચેતનાથી સાંભળ્યા વિના શ્રવણ કે વાચનને આગળ ગગડાવી જનારા શું ગુમાવી બેસે છે, એ એમને કોણ કહેશે? – તો, બીજી બધી વાત જવા દો, આ કવિતાની સુરાવટ તો સાંભળો, એની ટોનાલિટી!

શું સૂચવે છે એ સ્વરવિન્યાસ? બોલનારો ઉદ્બોધન નથી કરતો, મલાવીને કહાણી પણ નથી રજૂ કરતો. પોતાની વાત પોતાની પાસે ધીમે અવાજે મૂકે છે. પોતાની વાત એટલે કોની કોની વાત? ‘મૈંને કહા ઉસે રોક કર.’ એ ‘મૈં’ અને એ ‘ઉસ’ની વાત. એક ખાસ કોઈકની ખાસ વાત. ગુલઝારે આ રચનામાં, એનું નામ પાડ્યું છે ‘જિંદગી’ ! કોઈ નવજવાન જાણે કે પોતાના દોસ્તને એક અંતરંગ બનાવ વિશે જાણ કરે છેઃ ‘હમણાં ફરી એક સવારે, પેલી ગલીને નાકે, પેલી (તું જાણે છે ને? એ) તો પોતાના તોરમાં ચાલી જતી’તી, જાણે મને જાણતી જ ન હોય, (જોકે અમે તું જાણે છે તેમ એકમેકને કેટલાં),... ‘હા, તો શું થયું પછી?’ દોસ્ત પૂછે છે. ‘થાય શું? મારાથી રહેવાયું નહીં. આમ અતડા અતડા રહેવાનું? ‘‘મૈંને કહા ઉસે રોક કર / હાથ બઢા ઐ જિંદગી/ આંખ મિલા કે બાત કર.’’ મને લાગે છે કે કદાચ એણે એક જરાક સ્મિત કર્યું.’ ગુજરાતી વાચકને રાવજીની પેલી અનોખી પંક્તિઓ યાદ આવેઃ ‘અમે અજાણ્યા ક્યાં લગ રહેશું, કહો, તમારા ઘરમાં?’

જિંદગીને જતી રહેતી સહુ જોતા રહીએ છીએ. ‘ગયાં વર્ષો તે તો ખબર ન રહી કેમ જ ગયાં.’ આ ‘આયુર્માર્ગ’, ઉમાશંકર કહે છે તેમ, ‘બધો જાણે નિદ્રા મહીં ડગ ભરું, એમ જ સર્યો.’ પણ એ અડીખમ કવિવર તરત ઉમેરે છેઃ ‘ઉરે ભારેલો જે પ્રણયભર, ના

જંપ ક્ષણ દે.' આ અજંપાની વાત ગુલઝાર પોતાની અજોડ રીતે એવી કરે છે, કે બીજા ઉત્તમ કવિઓની ઉત્તમ પંક્તિઓ અનાયાસ યાદ આવે. સુંદરમ્‌ની પેલી અવિસ્મરણીય કવિતામાં, વ્યત્યયે, 'જિંદગી' એના પ્રેમીને રોકીને કહી શકે, 'નથી રે જવાનું'. ગુલઝારની કવિતામાં પ્રણયીજન જિંદગીને એ જ વાત કહે છે : 'મૈંને કહા ઉસે રોક કર'. 'ઉરે' જે 'પ્રણયભર ભારેલો' છે, એવા અગ્નિની થોડીક પણ વીસરી વીસરાય નહીં એવી કવિતા નિરંજન ભગતની અંતિમ રચનાઓમાં રચાઈ છે.

તો આ ઓછાબોલા માણસ પાસે એ 'પ્રણયભર ઉરે ભારેલા' તત્ત્વે જિંદગીને શું કહેવડાવ્યું? પંક્તિ છેઃ 'મૈંને કહા ઉસે રોક કર / હાથ બઢા એ જિંદગી / આંખ મિલા કે બાત કર.' —આ સ્વરવિન્યાસ બન્ને કાન માંડીને સાંભળવાનો લ્હાવો જતો ન કરીએ. શેના શેના સૂર સંભળાય છે? વિનવણીનો સૂર સંભળાયો? ને ત્યાં જ, થોડી કડકાઈનો? લાચારીનો? નર્યા હેતનો? ટોન શેનો છે? પકડવો મુશ્કેલ. એટલે જ તો એ એક સાચી કવિતાનો સૂર છે.

*

જોકે આ એક સંવાદકાવ્ય છે, પણ એક બોલે છે ને બીજું તો સાવ ચૂપ છે! જિંદગી તો કશું બોલતી જ નથી. આખી રચના ભરીને એ એક જણે ઘણું કહ્યું જિંદગીને. પણ આ આખી રચના ભરીને પડેલી છે જિંદગીની ચૂપકીદી. એક વિલક્ષણ સંવાદ. આ વિલક્ષણ સંવાદનું સેમિઓટિક્સ, એની સંકેતમીમાંસા કઈ રીતે કરી શકાય? એ કયા ધ્વન્યાર્થને સૂચવે છે?

ઘણાં ઘણાં ફિલ્મી અને વીડિયો ગીતોની બાલિશ લાગણીવશતાથી સાવ અલગ એવી આ કૃતિમાં ગુલઝારે કોઈ ચીલાચાલુ 'યુગલગીત' નથી લખ્યું, સરવે કાને સાંભળનારને આ આખી રચનામાં 'જિંદગી' કશું બોલતી નથી, એ સંભળાશે. બલ્કે, એને જતી રોકીને બહુસ્વર વિનવણી/તાકીદ/હક્ક કરનાર, કોમળ પૌરુષભર્યા કે દૃઢ કોમળતાભર્યા સ્વરે બોલનારે તો બબ્બે વાર (કાવ્યારંભે, ફરી કાવ્યને અંતે) એને કહેવું પડે છે, 'હાથ બઢા એ જિંદગી / ઔર આંખ મિલા કે બાત કર.' (અહીં ઉમેરાયેલો 'ઔર' બોલનારની આરઝૂમાં, અરજમાં જે ઉમેરો કરે છે, એ ભાવકે અનુભવ્યું હશે.) — પણ એ રોકાઈ? એણે હાથ લંબાવ્યો? એણે નજર મેળવી? પ્રેમી યુવક, આ અહેવાલ સાંભળનાર દોસ્તને પણ, એ અંગે કશું કહેતો નથી. અને ભાવકને એ વાત જે કહી દે એ કવિ શેનો? ગુલઝારનું આ કાવ્ય આપણને એ અંગે કશું કહેતું નથી, એટલે તો એ એક સાચું કાવ્ય છે!

*

'રીતિરાત્મા કાવ્યસ્ય' એમ અકારણ નથી કહેવાયું. રીતિવિચાર રસધ્વનિ સિદ્ધાન્તને પૂરક છે, અવરોધક નહીં. માત્ર બાર પંક્તિઓમાં આલેખાયેલી આ કૃતિની સંરચના, એના વચલા આંતરાઓ, એને એક ઊર્મિગીત રૂપે અખંડ રાખીને કંઈક જુદું જ, ધ્વન્યાત્મક ઊંડાણ આપી શકે છે, એમ મને લાગે છે. કઈ રીતે તે કહેવાનો યત્ન કરું.

એ તો કશું બોલતી નથી, પેલી ઉતાવળી 'જિંદગી'. પણ, જે બે ઘડી જરા એ ઠમકીને ઊભી રહી હશે, એ આ કાવ્યનો વર્તમાન કાળ છે. એટલા સમયમાં જ જે કહેવાનું હોય એ કહી દેવાનું છે. આ રચનાના વચલા બે આંતરાઓમાં, બે ત્રિપદીઓમાં, છ નાની પંક્તિઓમાં. તો એટલા સમયમાં એ શું કહેવાનું પસંદ કરે છે? સાંભળોઃ

**'રોજ તેરે જીને કે લિયે / એક સુબહ મુઝે મિલ**
**જાતી હૈ / મુરઝાતી હૈ કોઈ શામ અગર,'**

— આ 'અગર' આગળ કવિ કડી બદલે છે. એક ત્રિપદી પૂરી થઈ. સવાર તો મળે છે પણ એ જ દિવસની સાંજ કરમાતી જોવી પડે છે. આ કરમાતી સાંજને કિનારે, 'અગર' પછીના અલ્પવિરામના કપરા સમયે કશુંક બને છે. એ જે બને છે તે આ કાવ્યનો મર્મ છે. એક ત્રિપદી આ અલ્પ (છતાં આકરા) વિરામ સાથે પૂરી થાય છે. પછી પેલી 'જિંદગી'ની ચુપકિદી જેવું જ સભર મૌન આ 'કોઈક'નું આવે છે. એ પછી, કાવ્યની એક કડીથી બીજી કડી સુધીના મોટા અંતર બાદ, બીજી ત્રિપદીમાં શું કહેવાયું છે, એ સાંભળીએ :

**'(મુરઝાતી હૈ કોઈ શામ અગર)'**

**'તો રાત કોઈ ખિલ જાતી હૈ / મૈ રોજ સુબહ તક આતા હૂં / ઔર રોજ શુરૂ કરતા હૂં સફર.'**

'મિથ ઑફ સિસિફસ' યાદ આવે ? આલ્બેટ કામ્યુનું એ કથાનું અર્થઘટન યાદ આવે ? કઈ છે આ આકરી છતાં મનગમતી રોજિંદી સફર? સિસિફસની સફર. માણસ હોવાની આકરી શરત, પેલા સિસિફસને ભાગે જે કામ આવ્યું હતું એ કામ કરતા રહેવાની શરત આવી છે : પહાડની તળેટીથી ભારેખમ શિલા ટોચે લઈ જવાની, ને એ શિલા અચૂક પાછી ગબડીને તળેટીએ પડે એટલે પહાડનો ઢાળ ઊતરી, એ જ શિલા ફરી... તળેટીએથી એ જ પહાડની ટોચે લઈ જવાની. અને ફરી 'ઔર રોજ શુરૂ કરતા હૂં સફર.'

છતાં, જેમ કામ્યુ તેમ ગુલઝાર, જોકે આ આકરી શરત જાણે છે તે છતાં જીવન જીવવાના અનુભવને ચાહે છે, ઉત્કટતાથી, અણનમપણે ચાહે છે. કામ્યુનો નાયક સિસિફસ જ્યારે પહાડના શિખર પરથી, પોતાની મેળે અને પોતાની રીતે, પાછો તળેટી સુધી જવા ઢાળ ઊતરતો હોય, ત્યારે એ પોતાની ચાલે ચાલે છે, ન કે કોઈએ ચલાવેલી ચાલે. પોતાની શરતે, પોતે શું જોવું-વિચારવું-અનુભવવું એ વિશે સ્વતંત્ર રહીને ઢાળ ઊતરે છે. કામ્યુ કહે છે કે એ સમય, એ સ્થળ, એ ચાલ છે અન્યથા શાપિત સિસિફસની જાતે મેળવેલી સ્વતંત્રતાનો સમય, એની જગ્યા. ઢાળ ચડતો સિસિફસ ભલે શાપિત છે, પેલી શિલા તરફ જવા પોતાની ચાલે ચાલી, પોતે જે જોવું છે એ બધું (ન કે માત્ર પેલી શિલાને) જોતોજોતો, ઢાળ ઊતરતો સિસિફસ જાતે મેળવે છે એક્ઝિસ્ટેન્શિયલ ફ્રીડમ.

ગુલઝારની આ રચનાનો નાયક એ જ રીતે શાપિત છતાં સ્વતંત્ર છે.

*

ગુલઝારની કવિતા વિશેના પહેલા લેખમાં, ગતાંકે, લેખનું શીર્ષક હતું : 'કવિ ગુલઝારની કવિતાઃ ખીણની ધારે ખડક પર ખડું મજબૂત અને મનોહર ઘર.'

બીજા અનેક રચનાકારોની રચનાઓ જેમાં ગબડી પડે એવી એ ખીણ કઈ અને જે અડગ ખડક ઉપર, એ ખીણની ધારે, ગુલઝારની કવિતાનું સુંદર મહાલય ખડું છે, એ ખડક કયો? અથવા, ગુલઝારની સર્જકતાનું લોકેશન, એનું સ્થાનક, ભારતીય કવિતાના વિશાળ વ્યાપમાં, 'ટોપોસ'-માં ક્યાં છે?

ગુલઝારના બહુ ગમતા બે કવિઓઃ રવીન્દ્રનાથ ઠાકુર અને કબીર. એ બન્ને મહાન કવિઓ વિશે જ્યારે ગુલઝાર બોલે ત્યારે એક અવનવો અનુભવ થાયઃ જોરદાર અંડર-કરંટ્સવાળી, જોકે ઉપરથી શાંત-સોહામણી દેખાતી કોઈ નદી આપણને જોતજોતામાં ક્યાંની ક્યાં લઈ જાય જેમ, એમ ગુલઝારની મધુર-ગંભીર વાણીનું રમ્ય વહેણ, એના ઊંડાણમાં વહેતા જીવન અને સાહિત્ય વિશેની જીવંત સમજના ભીતરી પ્રવાહોની તાકાતથી આપણને રવીન્દ્ર અને કબીરના વિશ્વની અંદર ક્યાંના ક્યાં લઈ જાય!

ગુલઝારની પોતાની કવિતાનું સ્થાનક, લોકેશન, આ બે મહાન કવિઓના સ્થાનકોની વચ્ચે ક્યાંક છે. વાચક ભૂલથીયે એવું ન સમજે કે ગુલઝારને રવીન્દ્રનાથ અને કબીરના સમકક્ષ ગણાવવાનો કોઈ યત્ન અહીં છે. સૌજન્ય, શક્તિ અને સ્વવિવેકની ગંભીર ઝલક જેમના વ્યક્તિત્વમાં સહજ છે, એવા ગુલઝારજી સ્વયમ્ એવો યત્ન કોઈને કરવા ન દે. અને મારી કલમ એ રીતે ચાલે નહીં. મુદ્દો એ છે કે ભારતીય કવિતાનાં કબીર અને રવીન્દ્રનાથનાં સ્થાનકો વચ્ચેનું સ્થળ કેવું છે? એની ટોપોગ્રાફી, એનું તલરૂપ કેવું છે?

ગઈ કાલે જ મારા એક બળકટ અને પ્રવાસપ્રચંડ પરમ મિત્ર, પ્રો. નિખિલ મોરી સાથે વાત થતી હતી. આવી જ બધી. તો એમણે ગુલઝારજીની મિર્ઝા ગાલિબ વિશેની સિરિયલની વાત કાઢી. હા, કબીર અને રવીન્દ્ર વચ્ચે ગાલિબ આવે, એ પણ ગુલઝારને પ્રિય. નિખિલે એમની વિલક્ષણ રીતે ધ્યાન દોર્યું કે ગાલિબ દિલ્લી આવ્યા તો ખરા પણ મુઘલ બાદશાહ બહાદુર શાહ 'ઝફર'-ની શાયર-સભામાં એમને ખાસ કોઈ સ્થાન ન મળ્યું. ગાલિબનાં બેગમે સૂચવ્યું પણ ખરું કે પાછા આગરા જતાં રહીએ. નિરાશાના એ દિવસોમાં ગાલિબ દિલ્લીની ગલીઓમાં આમતેમ, જુગાર રમતા, દારૂ પીતા ફરતા હતા ત્યારે, એક ઉત્તમ ફિલ્મકાર અને મર્મીલા કવિ ગુલઝારે બે દૃશ્યો એ સિરિયલમાં આલેખ્યાં છે. નિખિલે એ તરફ ધ્યાન દોર્યું. એક દૃશ્યમાં એક ફકીર ગાલિબના શેર ગાતો ગાતો કોઈ ગલીમાં ફરે છે. બીજા દૃશ્યમાં એક રૂપજીવિનીના કોઠાના પરથી સંગીતના સૂર નીચે આવે છે એમાં ગાલિબની એક ગઝલ ગવાતી સંભળાય છે. જ્યારે કોઈ કવિતા એક ફકીરથી એક રૂપજીવિની સુધી વ્યાપી વળે ત્યારે બાદશાહી શાયર સભામાં એ સ્વીકારાઈ છે કે નહીં એનો કોઈ અર્થ રહેતો નથી, એવું ગુલઝારજીની એ સિરિયલનું સેમિઓટિક્સ છે, એમ નિખિલે મને સમજાવ્યું. થેન્ક્યુ. હા, એ રીતે મને ભારતીય

સાહિત્યના 'ટોપોસ'માં, એની ટોપોગ્રાફીમાં ગુલઝારનું ઘર ક્યાં આવ્યું છે, એ કંઈક સમજાયું. સાચા સીને રસિયાઓ જેના પર ઝૂમી ઊઠે અને સાહિત્યમર્મજ્ઞ એવા કવિતારસિયાઓ પણ જેને ઉત્તમ ગણે, એવી કવિતાનું લોકેશન ક્યાં છે તે સમજાયું.

નિત્શે કહે છેઃ જ્યારે સ્થાપત્ય અને સંયમના દેવ ઍપોલો, સંગીત અને મદ્યપાનના દેવ ડાયોનિસસની બોલી બોલે છે ત્યારે મહાન કલાનો ઉદ્‌ભવ થાય છે. અન્યત્ર આ સૂત્રનું મીમાંસાભાષ્ય મેં વિગતે આપ્યું છે. ડાયોનિસસના પ્રદેશની પડખે જ અર્ધ પુરુષ અને અર્ધ ઘેટો એવા સેટિરની સંયમશૂન્ય અને વેવલી ખીણ આવેલી છે. કવિ ગુલઝારની કવિતાના મજબૂત અને મનોહર મહાલયનું, જેમાં રસલ્હાણ લેવા ડાયોનિસસ અને ઍપોલો એકસાથે જવા ચાહે એવા ગુલઝાર-કાવ્ય-પ્રાસાદનું સરનામું આ લેખમાંથી મળ્યું હોય તે આનંદ. જોકે, અલબત્ત, કવિતાને તો કહેવું જ પડે કે 'તને જોઈ જોઈ તોય તું અજાણી.'

અથવા, જિંદગી હો કે પ્રેમ કે કવિતા, એના તરફની યાત્રા વિશે ભલે આવા લેખો કોઈ લખે, પણ કોણ કોનો માર્ગદર્શક બની શકે? એમાં તો ગુલઝાર જાણે છે એમ, 'કાફિલા સાથ ઔર સફર તન્હા'.

❑